

## ઓલ ઈન્ડીયા વણઝારા સમાજનું પ્રતિનિધિ મંડળ સોનિયા ગાંધીને મળ્યું

ઓલ ઈન્ડીયા વણઝારા સમાજનું પ્રતિનિધિ મંડળ કેન્દ્રીય સામાજીક અધિકારીતા મંત્રી બલરામ નાઈક તથા રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. એમ. શંકર નાઈકની અધ્યક્ષતામાં યુપીએના ચેરપર્સન શ્રીમતિ સોનિયા ગાંધીને મળ્યું હતું. જેમાં મુળ ભૂમિ રાજસ્થાનથી સ્થળાંતર કરી ધંધા-રોજગાર અર્થે ભારતના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા અને ભટકતું જીવન ગાળતા નવ કરોડથી પણ વધુની વસ્તુ ધરાવતા વણઝારા સમુદાયના લોકોનો પહેરવેશ, રીતરિવાજ, સંસ્કૃતિ અને લોકબોલી એક હોવા છતાં દરેક રાજ્યોમાં અલગ-અલગ દરજ્જો ધરાવતા વણઝારા સમુદાયના લોકોને સમગ્ર ભારતમાં એકસૂત્રતીયા વિશેષ આરક્ષણનો લાભ આપવા માંગ કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં ગુજરાત રાજ્યમાંથી વણઝારા સમાજના પ્રમુખ નારાજી બાબુજી વણઝારા, કાર્યકારી અધ્યક્ષ મગજની વણઝારા અને રાષ્ટ્રીય ઉપપ્રમુખ એન.પી. ચૌહાણે પ્રતિનિધિત્વ કર્યું હતું. (તસવીર : મગનજી વણઝારા)

# દાંતીવાડામાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરાઈ

## મંત્રી આનંદીબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરાયું

દાંતીવાડા, તા. ૧૬

દાંતીવાડા કૃષિનગર યુનિવર્સિટી ખાતે ૬૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભારે ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. જેમાં મંત્રી આનંદીબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના બાળકોએ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી વાતાવરણ દેશ ભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

૧૫મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ ૬૭માં સ્વતંત્ર પર્વ નિમિત્તે બનાસકાંઠાના દાંતીવાડા સ્થિત કૃષિ યુનિવર્સિટીમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યના મહેસૂલમંત્રી દ્વારા ધ્વજને લહેરાવી તેને સલામી આપવામાં આવી હતી અને પ્રાસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. બાદમાં વિવિધ શાળાના બાળકોએ અનેક દેશભક્તિ ગીતો અને કાર્યક્રમો રજૂ કર્યા હતા અને સમગ્ર વાતાવરણ દેશભક્તિ મય બની ગયું હતું. રાષ્ટ્રપર્વે સ્વાતંત્ર સેનાની ગુણવંતરાય મહેતાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર બાળકો અને ૧૦૮ સેવામાં ઉત્તમ સેવા આપનાર પાયલોટો મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, એક હજાર કિલો મગ, રોકડ ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. સંજય દેસાઈ, ગજેન્દ્રભાઈ સકસેના, હિતેશભાઈ ચૌધરી, માધુભાઈ રાણા, જવાનસિંહ સોલંકી, મેરૂજી ધુંખ, પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, બાબુભાઈ મોદી, નટુભાઈ ચૌધરી, કરશનભાઈ પંત્રોડ, આહજીભાઈ પરમાર સહિત અશોક યાદવ, તાલુકા વિકાસ અધિકારી જિલ્લા વિકાસ અધિકારી હાજર રહ્યા હતા.



# વિકાસના મુદે યુપીએ સરકાર નિષ્ફળ : નરેન્દ્ર મોદી

## ભૂજમાં ગુજરાતનો મુખ્ય સ્વતંત્રતા દિવસ કાર્યક્રમ : નબળા અને નિરાશાજનક ભાષણ બદલ મનમોહનસિંહની મોદીએ ભાષણમાં ટીકા કરી : ત્રાસવાદનો મુદ્દો ઉઠાવ્યો

ભૂજ,તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર



મોદીએ પણ તેમના સંબોધનમાં જોરદાર આકરા પ્રહારો યુપીએ સરકાર ઉપર કર્યા હતા. સળગતા મુદ્દાઓ ઉપર જાહેર ચર્ચા માટે યુપીએ સરકારને પડકાર ફેંકીને સરકારની ટીકા કરી હતી. પાકિસ્તાન પ્રત્યે નબળા વલણ બદલ પણ સિંહ ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. મોદીએ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા સ્વતંત્રતા દિવસના પ્રસંગે લાલ કિલ્લા ઉપરથી આપવામાં આવેલા પોતાના ભાષણના થોડાક ક્ષણ બાદ જ પોતાના ભાષણમાં તમામ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. પોતાના ભાષણમાં મોદીએ પાકિસ્તાન અને ચીન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. ભ્રષ્ટાચાર,દેશની નબળી આર્થિક સ્થિતિ, ખાદ્યાન સુરક્ષા બિલના મુદ્દાઓ ઉપર વડાપ્રધાનની ટીકા કરી હતી. તેમને ઉમેર્યું હતું કે દેશ પરિવર્તન માટે ઉત્સુક છે.

વિકાસના મુદ્દા ઉપર ખુલ્લો પડકાર ફેંક્યો હતો. નરેન્દ્ર મોદીએ તેમના ભાષણમાં વિકાસની સાથે સાથે સુરક્ષાનો મુદ્દો મુખ્ય રીતે ઉઠાવ્યો હતો. ૬૦ વર્ષના શાસનમાં કોંગ્રેસે લીધેલા પગલાંનો ઉલ્લેખ પણ તેમને કર્યો હતો. મોદીએ ભૂજમાં લાલન કોલેજ સંકુલમાં આયોજિત સ્વતંત્રતા દિવસના રાજ્ય સ્તરના કાર્યક્રમમાં આક્રમક અંદાજમાં જુદા જુદા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. મોદીએ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તથા વડાપ્રધાનના ભાષણો વચ્ચે સરખામણી કરી હતી. પોતાના ભાષણમાં પાકિસ્તાન પ્રત્યે કઠોર વલણ ન અપનાવવા બદલ સિંહની ટીકા કરી હતી. મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિએ તેમના ભાષણમાં પાંચ સૈનિકોના મોત અંગે ચિંતા વ્યક્ત કરી ચૂક્યા હતા. અમને એવી ચિંતા હતી કે પાકિસ્તાન પ્રત્યે કઠોર વલણ અપનાવવામાં આવશે.

વડાપ્રધાનના ભાષણને નીરાશાજનક જણાવી મોદીએ કહ્યું હતું કે કોઈપણ પ્રકારની પ્રેરણા આનાથી મળતી નથી. સૌથી વધારે વખત રાષ્ટ્રીય ધ્વજ લહેરાવાની યાદીમાં સિંહ સામેલ હોવા છતાં એવી જ વાતો કરવામાં આવી રહી છે જેવી વાતો પંડિત નહેરુએ રાષ્ટ્રના નામ પોતાના પ્રથમ સંબોધનમાં કરી હતી. રૂપિયામાં થઈ રહેલા ઘટાડાના પ્રશ્ને પણ મનમોહનસિંહ ઉપર મોદીએ પ્રહાર કર્યા હતા. આર્થિક અનિયમિતતાને દૂર કરવા માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. રૂપિયાને સ્થિર કરવા માટે કયા પગલાં લેવાશે તે અંગે ખુલાસો કરવાના પણ પ્રયાસો થયા નથી. વૈશ્વિક આર્થિક મંદીના નામે વાતચીત કરવામાં આવી રહી છે. સૈનિકોના ઉત્સાહને વધારવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. લાલ કિલ્લા પરથી ભાષણથી પાકિસ્તાનને બોધપાઠ મળશે નહીં. સૈનિકોનો નૈતિક જુસ્સા વધે તેવા પ્રયાસ કરવાની જરૂર હતી.

# મોદી સ્વતંત્રતા પર્વની ગરીમા જાળવી શક્યા નથી : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૧૬

સમગ્ર દેશ જ્યારે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં માન-સન્માન સાથે જોડાયેલ હતો ત્યારે આ ઐતિહાસિક દિવસની ગરીમાને જાળવવાને બદલે મોટી ખુરશીની લાઈમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ રાષ્ટ્રીય પર્વની કે આઝાદી સંગ્રામના લડવૈયાની બલિદાનની ગરીમાને વિસારીને સંપૂર્ણ પણે રાજકીય છીછરુ, દ્વેષપૂર્ણ ભાષણ કર્યું હતું. જેની સામે કોંગ્રેસપક્ષ દ્વારા રાજ્યના ૨૬ કરતાં વધુ જીલ્લા મથકે ધરણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અમદાવાદ ઈન્કમટેક્ષ સર્કલ ખાતે બપોરે ૩-૦૦ કલાકે યોજાયેલ ધરણામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ, ડો. બાબા સાહેબ આંબેડકર, સુભાષચંદ્ર બોઝ, મૌલાના આઝાદ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ સહિતના અનેક મહામાનવોની આગેવાની હેઠળ દેશની જનતાએ દાયકાઓ સુધી સંઘર્ષ કર્યો. લાખો લોકો જેલમાં ગયા હજારો લોકોઓ લાઠીઓ-ગોળીઓ ખાધી અને શહીદ થયા, હજારો કુટુંબો અને વ્યક્તિઓએ પોતાની સમગ્ર યુવાની અને જીવન દેશને ચરણે ધરી દીધા પછી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે દેશને આઝાદી પ્રાપ્ત થઈ. આઝાદીને ટકાવવા માટે પણ મહાત્મા ગાંધી, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સરદાર બીયંત સીંઘ, બળવંતરાય મહેતા સહિતના મહાનુભાવોએ શહાદત વહોરીને આજે ભારતને મહાસત્તાઓની હરોળમાં મુકી દીધો છે.

જે દેશમાં એક ટાંકણી પણ નહોતી બનતી એ દેશ આજે છઠ્ઠી અણુમહાસત્તા, પામી અવકાશી મહાસત્તા અને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બીજા નંબરના દેશ તરીકે સ્થાન મેળવ્યું છે. વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામમાં કશુય યોગદાન ન આપનારાઓ આજે આ પર્વની ગરીમા સાચવવા જેટલી પણ સભ્યતા દાખવતા નથી. કમનસીબે આવા લોકો મોટી ખુરશીના સપના જોઈ રહ્યા છે.

# પંચાયતી રાજ સંદર્ભે આજે ગાંધીનગર ખાતે પરિસંવાદ

## ૪૦૦૦ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ભાગ લેશે : સેમિનારનું ઉદ્ઘાટન સવારે ૧૦ વાગ્યે મુખ્યમંત્રી મોદીના હસ્તે થશે : રાજ્યના વિકાસની માહિતી અપાય તેવી વકી

ગાંધીનગર, તા.૧૬

રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા આવતીકાલથી બે દિવસ માટે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય કક્ષાનો પંચાયતી રાજ અને ગ્રામ વિકાસ વિશેનો સેમીનાર યોજાનાર છે. જેમાં દેશનાં વિવિધ રાજ્યોમાંથી ૪૦૦૦ જેટલા યુટાયેલા પ્રતિનિધિઓ ભાગ લેશે. સેમિનારનું ઉદ્ઘાટન કાલે સવારે ૧૦ વાગ્યે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે થશે. તેઓ ઉદ્ઘાટન પ્રવચનમાં પંચાયતી રાજ ક્ષેત્રે ગુજરાતે કરેલ અને કરવા ધારેલ વિકાસ વિશે માહિતી આપશે. ગ્રામ વિકાસ માટે કોઈ મહત્વની જાહેરાત કરે તેવી શક્યતા નકારાતી નથી. બે દિવસના સેમિનારમાં તજજ્ઞો માર્ગદર્શન આપશે તેમજ પંચાયતી ક્ષેત્રના શિબિરાર્થીઓને અમુક ક્ષેત્રની મુલાકાત કરાવાશે.

કાર્યક્રમને અનુલક્ષીને સ્થળ અને કાર્યક્રમ પ્રોટોકોલ ટેકનીકલ નોલેજ વગેરે સહિત વિવિધ સમિતિઓ બનાવવામાં આવેલ છે. જેની જવાબદારી ઉચ્ચ અધિકારીઓને સોંપાયેલ છે. રાજકોટના ડીડીઓ ડો. ધવલ પટેલને વેન્યુ એન્ડ મેનેજમેન્ટ કમિટીમાં સ્થાન આપી મુખ્યમંત્રી સાથે મુલાકાત કરનાર જુથ અને વ્યક્તિના સંકલનની જવાબદારી સોંપાયેલ છે. તેમના સહયોગમાં અમરેલીના મદદનીશ કલેક્ટર તુષાર સુમેરા અને જામનગરના મદદનીશ કલેક્ટર અમીત અરોરા રહેશે. ટેકનિકલ સેસનની જવાબદારી જામનગર ડીડીઓ વિજય ખરાડીને તથા મહેમાનોના આવાસ સંબંધી વ્યવસ્થા ભાવનગરના ડીડીઓ એચ.આર. સુથારને સોંપાયેલ છે. સોમનાથના કલેક્ટર સી.પી. પટેલ એરપોર્ટ અને રેલ્વે અંગે જવાબદારી સંભાળી રહ્યા છે.

# નડિયાદ-ખાત્રજ માર્ગ પર ગોઝારો અકસ્માત : ૧૩ના મોત

અમદાવાદ,તા. ૧૬

નડિયાદ-ખાત્રજ રોડ પર આવેલા અંધજ પાટિયા નજીક આજે વહેલી પરોઢે એસટી બસ અને રીક્ષા ધડાકા સાથે અથડાઈ જતા ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થઈ ગયા હતા જે પૈકી ૧૧ લોકોના આ ગમખ્વાર અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. અન્ય બે લોકોના મોત સારવાર દરમિયાન હોસ્પિટલમાં થઈ ગયા હતા. અકસ્માતમાં ચાર લોકોને ગંભીર ઈજા થતા તેમને સારવાર અર્થે નડિયાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં રીક્ષામાં ક્ષમતા કરતા ખૂબ વધારે મુસાફરો બેઠા હતા. હાઈ પર લોહીની નદીઓ વહી હતી. હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી જેથી નડિયાદ-ખાત્રજ વચ્ચેના વાહન વ્યવહારને રોકવાની ફરજ પડી હતી. ગંભીરરીતે ઘાયલ થયેલા યાત્રીઓ પૈકીના બેને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. ઘાયલ થયેલા લોકોને શરીરના જુદા જુદા ભાગે ગંભીર ઈજા થઈ છે. વહેલી સવારે થયેલા અકસ્માતની જાણ પોલીસને થયા બાદ પોલીસ ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. નડિયાદ ગ્રામિણ પોલીસને આ અંગેની જાણ કરવામાં આવ્યા બાદ પોલીસે પોતાની રીતે કાર્યવાહી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મૃતકો પૈકી ત્રણની ઓળખ થઈ શકી છે જેમાં પ્રતાપભાઈ રમણભાઈ પરમાર જેમની ઉંમર ૨૨ વર્ષની છે. જ્યારે ભૂપેન્દ્રભાઈ કનુભાઈ પરમાર જેમની ઉંમર ૨૫ વર્ષની છે. આ બંને દેવકીગામના હોવાનું જાણવા મળ્યુ છે. રીક્ષામાં બેસીને આ લોકો પોતાના નિર્ધારિત સ્થળે જઈ રહ્યા હતા ત્યારે પૂર ઝડપે આવતી એસટીએ ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો જેમાં રીક્ષાને ભારે નુકસાન થયુ હતુ. અને તેમાં મુસાફરી કરી રહેલા ૧૩ લોકોના ઘટનાસ્થળે મોત થઈ ગયા હતા. બનાવની જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે માર્યા ગયેલા લોકોની ઓળખવિધિની પ્રક્રિયા હાથ ધરી હતી.

## શબ્દાવલી - ૫૧૫૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | | | ■ |
| ૮ | | ૯ | | ■ | ■ | ૧૦ | ૧૧ |
| | ■ | ૧૨ | | | | ■ | |
| ■ | ૧૩ | | ■ | ■ | ■ | ૧૪ | |
| ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | | ■ | |
| ૧૮ | ૧૯ | | ■ | | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | ■ |

### આડી ચાવી

૧. બે બાજુ સરખું, બેલેન્સ (૪)
૪. સાહ્યબી, ઠાઠ (૩)
૬. રેંકડી (૨)
૭. નકામુ (૪)
૮. અડધે રસ્તે, દરિયામાં વચ્ચોવચ (૪)
૧૦. રીંછને... બહુ ભાવે (૨)
૧૨. કૃષ્ણ ગોપીએ સાથે ... કરતા (૪)
૧૩. એક રૂપિયો પચ્ચીસ પૈસા એટલે ... રૂપિયો થાય (૨)
૧૪. પતિ પાછળ મરવું તે, ... થવું (૨)
૧૬. સરહદ પર દુશ્મનોની દરેક... પર ધ્યાન રાખવામાં આવે છે (૪)
૧૮. માઈક્રોફોન, ... નેતાને... મળે તો... (૩)
૨૦. ... મારવી, ગપ્પા મારવા (૨)
૨૧. આનંદ, મોજ (૨)
૨૨. વિશાળ, મોટું (૪)

### ઊભી ચાવી

૧. સુરક્ષિત (૪)
૨. દર્દી (૩)
૩. ધરતીકંપથી જમીનમાંથી ઘણી જગ્યાએ... નીકળ્યો (૪)
૪. કરૂણા (૨)
૫. મરશીયા, મૃત્યુનો શોક (૩)
૯. હપ્તે હપ્તે છપાતી વાર્તા (૫)
૧૧. અર્થક્વેક, જમીનમાં થતી હલચલ (૫)
૧૫. સમગ્ર, બધુ (૩)
૧૭. મોહનથાળ વગેરેમાં ઉપર શું માટે નંખાય (૩)
૧૯. વાગવું, ... થવી (૨)
૨૦. ધાન્ય, અનાજ (૨)

### શબ્દાવલી ૫૧૫૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંજીવની બુટ્ટી (૬) ડચકા (૭) નાન (૮) નીગરાની (૧૨) જજ (૧૩) ચપરાશી (૧૬) નભજ (૧૭) લોરી (૧૮) રાજ (૧૯) કાચ (૨૦) કાવ્ય (૨૧) કનક

**ઊભી ચાવી :-** (૧) સંતોષ (૨) વડલો (૩) નીચ (૪) બુકાની (૫) જનની (૭) નારાજ (૯) ગજબ (૧૦) સંપ (૧૧) રાશી ભવિષ્ય (૧૩) ચકરાવો (૧૪) રાન (૧૫) જરી (૧૭) લોચન (૧૯) કાક



પ્રાંતિજ તથા તાલુકામાં દશામાના વ્રત કરી વ્રતધારી મહિલાઓએ આખી રાત જાગરણ કરી દશામાની સાઢણીની માં દશામાના મંદિર પાસે આવેલ તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

## જાહેર ખબર

**પોલીસ અધિક્ષકની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર**

સને-૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે અત્રેની કચેરીની કોમ્પ્યુટર શાખાના કાર્ટીઝ, ટોનર રીફીલીંગ અને યુ.પી.એસ. બેટરીઓ ખરીદવા તથા રીપેરીંગના ઈજારા માટે જાહેર ખબર આપવામાં આવે છે.

(૧) કોરા ટેન્ડર ફોર્મ જરૂરીયાત, બાલીઓ અને શરતો સાથેનું તા. ૨૧-૮-૧૩ થી તા. ૨૩-૮-૧૩ સુધી કચેરી સમય દરમિયાન જાહેર રજાના દિવસો સિવાય ક. ૧૭:૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં રૂ. ૧૦૦/- જમા કરાવી મળી રહેશે.

(૨) ભરેલ ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૭-૮-૧૩ ક. ૧૭:૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં સ્વીકારવામાં આવશે.

(૩) ભરેલ ટેન્ડર ફોર્મ ખોલવાની તા. ૩૧-૮-૧૩ ક.૧૨:૦૦ વાગ્યાની રહેશે.

(૪) ઈએમડીની રકમ પેટે રૂ. ૨૫,૦૦૦/-નો ડી.ડી. પોલીસ અધિક્ષક ગાંધીનગરના નામનો આપવાનો રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તારીખ : ૧૬-૮-૧૩** **(શરદ સિંઘલ)**
**માહિતી : ૧૦૦૮/૧૩/૧૪** **પોલીસ અધિક્ષક, ગાંધીનગર**

## જાહેર નિવિદા

સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગરની વડી કચેરીમાં એક વર્ષ માટે ઝેરોક્ષ તથા કોમ્પ્યુટર પ્રિન્ટર માટે કોપી પાવર પેપર પુરા પાડવા માટે સીલબંધ કવરમાં ભાવો ફક્ત રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. પોસ્ટથી કોરા ટેન્ડર મંગાવનારે ટેન્ડર ફી ઉપરાંત રૂ. ૭૫/- વધારાના આપવાના રહેશે. ટેન્ડર મંગાવનારે કોરુ ટેન્ડર સમયસર ન મળે તો તેની કોઈપણ જવાબદારી નિગમની રહેશે નહીં.

| અ. નું. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ (૫) ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| (૧) | ઝેરોક્ષ મશીન તથા કોમ્પ્યુટર પ્રિન્ટર માટે એ-૪ સાઈઝ (૨૧.૦ ટ ૨૯.૭ સે.મી., ૭૫ જીએસએમ) કોપીયર પેપર પુરા પાડવાનો ભાવ | (૧) રૂ. ૪,૩૨,૧૧૯/- (૨) રૂ. ૪,૩૨૦/- (૩) રૂ. ૧૦૦૦/- (૪) તા. ૨/૯/૨૦૧૩ (૫) તા. ૧૩/૯/૨૦૧૩ |

નોંધ : ટેન્ડર ફોર્મ મેળવવા માટે ઈન્કમટેક્ષ પરમેનન્ટ નંબર, વેચાણવેરા નંબર અને દુકાનની નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે લેટરપેડ પર અરજી કરવાની રહેશે.

**આસી. જનરલ મેનેજર (વહીવટ)**
**માહિતી/૯૯૬/૧૩-૧૪** **સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર**